| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૧૬/૦૮/૨૦૨૦ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-        સમાચાર યાદી નં.૧૩૭૭/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૫/૦૮/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૩૫૮ | ૨ | ૧૦૩૬૦ | ૧૬૪૨૯ | ૮ | ૧૬૪૩૭ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૩૭ | ૦ | ૪૩૩૭ | ૫૮૫૧ | ૦ | ૫૮૫૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૪ | ૦ | ૪૪ | ૨૧૪ | ૦ | ૨૧૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૦૪૯ | ૧૧ | ૧૪૦૬૦ | ૧૪૬૫૫ | ૧૧ | ૧૪૬૬૬ |
| | કુલ | ૨૮૭૮૮ | ૧૩ | ૨૮૮૦૧ | ૩૭૧૪૯ | ૧૯ | ૩૭૧૬૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૭૮ | ૬,૨૧,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩૪ | ૧,૩૪,૦૦૦/- |

# <u>ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

## <u>ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન :</u>

## <u>મોબાઇલ ચોરી કરનાર આરોપીને ગણતરીની કલાકોમાં મુદામાલ સાથે પકડી પાડતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ</u>

મે.પોલીસ કમિ.સા.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિ.સા.શ્રી તથા નાયબ પોલીસ કમિ.સા.શ્રી ઝોન-૩ તથા મદદનીશ પો.કમિ.સા.શ્રી "ઇ" ડીવીજન નાઓ તરફથી મિલ્કત સબંધી ગુન્હાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલ ગુન્હાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર એન.એન.પરમાર સા.શ્રી ના માર્ગદર્શન હેઠળ ગુન્હાઓ બનતા અટકાવવા સારૂ તેમજ અત્રેના પો.સ્ટે ખાતે દાખલ થયેલ ગુન્હાઓ શોધી કાઢવા કરેલ હુકમ અન્વયે સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઇન્સ વી.એન.શીંગરખીયા તથા સ્ટાફના માણસો પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના અ.પો.કો મુકેશકુમાર રમેશચંદ્ર બ.નં.૧૩૦૩૮ તથા અ.લો.ર કુલદિપ ગોવિંદભાઇ બ.નં.૧૨૭૩૧ મળેલ બતામી હકિકત આધારે આરોપી નામે મોહમદ ફારૂક અબ્દુલ હમીદ શેખ ઉ.વ.૩૩ ધંધો.સિલાઇકામ રહે. મ.નં.૪૮૪, ૪૮૫ મોટી સોદાગરની પોળ ગફુર બીલ્ડીંગની સામે જમાલપુર અમદાવાદ શહેર નાને સદરી ગુન્હાના કામે ચોરી કરેલ વીવો કંપનીનો વી-૧૫ મોડલનો મોબાઇલ ફોન જેની આશરે કિ.રૂ.૮૦૦૦/- ની મતા સાથે પકડી લઇ અત્રેના પો.સ્ટે દાખલ થયેલ ગુ.ર.નં.A-૧૧૧૯૧૦૨૧૨૦૦૫૫૬/૨૦૨૦ ધી.ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબનો ગુન્હો ગણતરીની કલાકમાં શોધી કાઢી સારી કામગીરી કરવામાં આવેલ છે અને સદરી આરોપીને કોવીડ-૧૯ નો રીપોર્ટ કરાવી સદરી ગુન્હાના કામે અટક કરવા પર બાકી છે



# <u>પ્રોહીબિશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

## <u>વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન :</u>

પોલીસ કમીશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા મ્હે.સંયુક્ત પો.કમિ.શ્રી, સેકટર-૧ રાજેશ અસારી સાહેબ તથા ના,પો.કમિ.શ્રી, ઝોન-૧ શ્રી રવિન્દ્ર પટેલ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી, "એ" ડીવીઝન શ્રી એમ.એ.પટેલ સાહેબનાઓએ અમદાવાદ શહેરમા પ્રોહીબીશનની પ્રવુતી અટકાવવા સારૂ અસરકારક કામગીરી કરવા સુચના કરેલ હોય તેમજ તા-૧૪/૮/૨૦ ના રોજ કોમ્બીગ નાઇટ રાઉન્ડ હોય જે કોમ્બીંગ નાઇટ દરમ્યાન પો.સ્ટે. વિસ્તારમાં આવેલ ધાબા તથા હોટલો ચેકિંગની કામગીરી સુચનાઓ કરેલ હોય જે અનુસંધાને વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વાય.બી.જાડેજા નાઓ માર્ગદર્શન હેઠળ તા- ૧૪/૦૮/૨૦૨૦ ના રોજ વસ્ત્રાપુર પો.સ્ટે ના સર્વેલન્સ  સ્કોડના પો.સ.ઇ એમ.બી.જાડેજા સાહેબનાઓ સર્વેલન્સ સ્કોડ ના માણસો સાથે પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા.દરમ્યાન બોડકદેવ વિસ્તારમા આવેલ હોટલ જીંજર ચેક કરવા જતા હોટેલમાં હાજર રહેલ હોટલના મેનેજર શુભમ કુંજનકુમાર પાઠક રહે.સદર હોટલનાઓને સાથે રાખી હોટલના રૂમ ચેક કરતા હતા.દરમ્યાન ચેક કરતા કરતા બીજા માળે આવેલ રૂમ નં.૨૦૮ માં જઇ ચેક કરતા દરવાજો ખખડાવતા થોડિ વારે એક ઇસમે રૂમનો દરવાજો ખોલતા રૂમના દરવાજે ઉભા રહિ જોતા રૂમની અંદર રહેલ સેટી ઉપર એક ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ જોવામાં આવતા બન્ને ઇસમોના દુરથી નામઠામ પુછી સદરી ઇસમોને આ બોટલ રાખવા બાબતે પુછતા એક ઇસમે પોતે કોરોના પોઝીટીવ અને બીજા ઇસમે કોરોના નો રીપોર્ટ કરાવેલ હોવાનુ જણાવેલ હોય જેથી સદરી બન્ને ઇસમોને તેઓના રુમમાં દુર બેસી રહેવા જણાવી ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ BLENDERS PRIDE WHISKY ફોર સેલ ઇન હરીયાણા ઓનલીના માર્કા વાળી 750ML ની કાચની બોટલ જેમા આશરે 600 ML જેટલો વિદેશી દારૂ જેવુ ભરેલ પ્રવાહિ ની કિ,રૂ,૧૫૦/-નો મુદ્દામાલ મેળવી કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.તેમજ ઉપરોક્ત બન્ને આરોપીઓ પૈકી એક આરોપી કોરોના પોઝીટીવ અને બીજો આરોપીએ કોરોના નો રીપોર્ટ કરાવેલ હોય તે બન્ને આરોપીઓ હોટલ જીંજરમાંથી મળી આવેલ હોય જેથી અમદાવાદ શહેર મ્યુનિસિપલ કોર્પોરેશન ને કાર્યવાહી કરવા રીપોર્ટ પાઠવવામાં આવેલ છે.

**<u>આરોપીઓ:-</u>** (૧) જય સ/ઓ દિનેશભાઇ રમણલાલ પટેલ ઉ.વ.૨૪ ધંધો.વેપાર રહે.-૨ મલ્હાર એપાર્ટમેન્ટ અતીથી હોટલ બોડકદેવ અમદાવાદ શહેર (૨) આકાશ સ/ઓ હસમુખભાઇ રતીલાલ પટેલ ઉ.વ.૨૪ ધંધો.વેપાર રહે.-૧૯ સરદાર પટેલ સોસાયટી GEB પાસે રેલ્વે સ્ટેશન રોડ સાણંદ તા.સાણંદ જી,અમદાવાદ

**<u>કબ્જે કરેલ મુદ્દામાલ :-</u>** (૧) સેમ્પલ તરીકે એક કાચની બોટલમાં આશરે ૧૮૦ મી.લી. જેટલો વિદેશી દારૂ જેવુ પ્રવાહિ ભરી તેની કિં.રૂ.00/00 તથા  (૨) આશરે 400 ML જેટલો વિદેશી દારુ જેવુ પ્રવાહિ ભરેલ બોટલ ની કિ.રૂ.૧૫૦/- નો મુદામાલ નો મુદ્દામાલ કબ્જે કરેલ છે.

<u>સારી કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારીઓ:</u>

પોલીસ સબ ઇન્સપેકટર શ્રી એમ.બી.જાડેજા તથા મ.સ.ઇ. જહાંગીરખાન ઇસ્માઇલખાન બ.નં.૭૭૯૬ તથા મ.સ.ઇ. ભારતકુમાર દાનાભાઇ બ.નં.૧૩૪૫૩ તથા અ.હેડ.કોન્સ બાબુભાઇ સરતાનભાઇ બ.નં.૩૦૪૩ તથા અનાર્મ પો.કોન્સ જીતેન્દ્રકુમાર જીવાભાઇ, બ.નં.૮૫૯૨ તથા પો.કો. રાજેશકુમાર કરશનભાઇ બ.નં.૫૭૧૪ તથા પો.કોન્સ યશપાલસિહ જોરૂભા બ.નં-૫૬૨૭ તથા અ.લો.ર વિશાલકુમાર પુંજાભાઇ બ.નં.૬૦૩૮ તથા અ.લો.ર લાલજીભાઇ ચકાભાઇ બ.નં.૧૪૦૯ તથા અ.લો.ર. વિશ્વરાજસિંહ હરદેવસિંહ બ.નં.૧૩૬૭ તથા લો.ર. જયપાલસિંહ દિલીપસિંહ બ.નં.૧૨૪૪ તથા લોકરક્ષક જયવિરસિહ રણજીતસિહ બ.નં-૪૬૬ તથા લોકરક્ષક વિનોદભાઇ દલપતભાઇ બ.નં-૧૩૧૪

# <u>પાસા અટકાયતની વિગત</u>

## <u>સરદારનગર **પોલીસ સ્ટેશનઃ-**</u>

## <u>પ્રોહિબિશન સબંધી સ્ત્રી આરોપીની પાસા અટકાયત કરતી સરદારનગર પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર – ૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન- ૪ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી જી. ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ પ્રોહિબિશન સબંધી ગુનાઓ થતા અટકાવવા કાર્યવાહી કરવા સુચના કરેલ હોય તે અનુસંધાને સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમા પ્રોહિબિશન સબંધી ગુનાઓ કરેલ સ્ત્રી ઇસમ વિરૂધ્ધ સીની.પો.ઇંસ. એચ.બી.પટેલ તથા સેક.પો.ઇંસ. એમ.બી.બારડ નાઓના માર્ગદર્શન મુજબ **રીનાબેન ઉર્ફે હીનાબેન રાજેશભાઇ હરીશભાઇ તમાઇચે ઉ.વ.૪૫ રહે- સીંગલચાલી પપ્પુ ચેનલવાળાની ગલી કુબેરનગર બંગ્લા એરીયા સરદારનગર અમદાવાદ શહેર** વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૬૬૯/૨૦૨૦ તા-૧૪/૦૮/૨૦૨૦ આધારે સદરી આરોપીને તા-૧૫/૦૮/૨૦૨૦ ના કલાક - ૧૮/૦૦ વાગે પાસા અટકાયત કરી પાસા“ હુકમની બજવણી કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે પાસા તળે અટકાયતમા મોકલી આપેલ છે.

## <u>પાસા અટકાયતીનુ નામ-</u>

રીનાબેન ઉર્ફે હીનાબેન રાજેશભાઇ હરીશભાઇ તમાઇચે ઉ.વ.૪૫ રહે- સીંગલચાલી પપ્પુ ચેનલવાળાની ગલી કુબેરનગર બંગ્લા એરીયા સરદારનગર અમદાવાદ શહેર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૭૮/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૨૫૩ લીટર દેશી દારૂ, ૨૪૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૮૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ સ્કૂટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૭૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૭૯/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૩૮૦/૨૦૨૦**

**ગોમતીપુરઃ** દીપલબહેન ડો/ઓ ચિમનલાલ મહેરીયા (ઉ.વ.૨૯) (રહે. શકરાઘાંચીની ચાલી મરીયમબીબી ચાર રસ્તા પાસે ગોમતીપુર) એ તા.૧૫/૦૮/૨૦૨૦ ના રોજ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મોબાઈલ નંબર ૮૪૮૬૭૭૫૨૭૮ ના ધારકે તા.૨૯/૦૭/૨૦૨૦ ના રોજ દીપલબહેનને ફ્રોન કરી એક્સીસ બેંક ક્રેડીટ કાર્ડ ડીપાર્ટમેન્ટમાંથી બોલતા હોવાનુ જણાવી દીપલબહેન એકસીસ બેંકના ફ્લીપકાર્ટ ક્રેડીટ કાર્ડ સાથે આવતા પીઝાના વાઉચર મોકલવાનુ કહી વિશ્વાસમાં લઇ ક્રેડીટ કાર્ડની માહીતી મેળવી લીધી હતી. ત્યારબાદ મોબાઈલ નંબર ૯૧૨૬૫૬૯૦૫૭ ના ધારકે ફ્રોન કરી રીધી વર્મા નામ જણાવી પોતે એક્સીસ બેંક ક્રેડીટ કાર્ડ ડીપાર્ટમેન્ટ બોમ્બેથી બોલતી હોવાનુ જણાવી વિશ્વાસમાં લઇ ક્રેડીટ કાર્ડની લીમીટ રૂપિયા ૪૦,૦૦૦/- ઇન્ક્રીજ કરવાનુ કહી ઓટીપી માંગી ક્રેડીટ કાર્ડ દ્વારા દીપલબહેનના ખાતામાંથી રૂપિયા કુલ રૂપિયા ૮૦,૭૮૭/- ઓનલાઇન ટ્રાન્સફર કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી.બી.ટંડેલ ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ** નિરૂપમા ભાગ્યોદય મિશ્રા (ઉ.વ.૪૮) (રહે.સતેજ એપાર્ટમેન્ટ ગુલાબ ટાવર રોડ થલતેજ) એ તા.૧૫/૦૮/૨૦૨૦ ના રોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મોબાઈલ નંબર +૯૧૮૩૯૧૦૧૨૪૭૧ ના ધારકે Paytm KYC અપડેટ કરવા સારૂ તા.૨૧/૦૬/૨૦૨૦ ના રોજ SMS મોકલતા નિરૂપમા મિશ્રાએ ફ્રોન કરતા Paytm KYC અપડેટ કરવાનુ કહી બેન્કની માહીતી મેળવી લઈ નિરૂપમા મિશ્રાના બેંકના ખાતામાંથી ઓનલાઈન રૂપિયા ૪૫,૦૦૧/- ટ્રાંઝેક્શન કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.વી.રાઠોડ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૩૮૧/૨૦૨૦**

**રાણીપઃ** મેહુલ કીરીટભાઇ કાલરીયા (રહે. ચિરાગ બંગલો કિર્તન સોસાયટી આંબેડકર ભવન સામે બી.આર.ટી.એસ. ક્રોસ રોડ રાણીપ) એ તા.૧૫/૦૮/૨૦૨૦ ના રોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાના ઘરે કામ કરતા (૧) જયા ડો/ઓ રતેશભાઇ વાઘેલા અને (૨) રીટા ડો/ઓ રતેશભાઇ વાઘેલા (બંન્ને રહે. ઉમા ભવાની નાકોડા કાળીગામ સાબરમતી) એ ભેગા મળી તા.૩૦/૦૬/૨૦૨૦ થી તા.૦૫/૦૭/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરમાં લોકરની ચાવીથી લોકર ખોલી લોકરમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૯,૯૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.બી.ખાંભલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૮૨/૨૦૨૦**

**રીવરફ્રન્ટ વેસ્ટ** : માનસી ડો/ઓ નવિનભાઇ ચોરસિયા (ઉ.વ.૨૧) (રહે.શ્રીનંદનગર વિભાગ-૪ વેજલપુર રોડ વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૮/૨૦૨૦ બપોરના ૪/૦૦ વાગ્યા પહેલા સાબરમતી નદીનાં પશ્ચિમ કિનારે હરિહરાનંદ આશ્રમ પાછળ એલિસબ્રિજ પુલની નીચે વોકવે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.હે.કો. મીનાબહેન પુંજાભાઇ ચલાવે છે.

**શાહપુરઃ** અરવિંદભાઇ ભગવાનજી સોલંકી (ઉ.વ.૬૧) (રહે. મોઢવાડાની પોળ શાહપુર) એ ગંભીર બિમારીથી કંટાળી તા.૧૫/૦૮/૨૦૨૦ સવારના ૧૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે વાયર બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી શકતાભાઇ જકશીભાઇ ચલાવે છે.

**ગોમતીપુરઃ** નૌસાદ ઈકબાલહુસેન અંસારી (ઉ.વ.૩૨) (રહે.પુજારીનીચાલી ચારતોડા કબ્રસ્તાન સામે ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૮/૨૦૨૦ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સતદેવસિંહ બળવંતદાન ચલાવે છે.

રામોલઃ રીનાકુમારી ડો/ઓ સુખપાલસિગ લોધી (ઉ.વ.૧૭) (રહે.રાજીવનગરનો ટેકરો રામોલ રોડ) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૮/૨૦૨૦ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એલ્યુમીનીયમના પટારાના નકુચાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયસિહ પર્વતસિહ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** ગણેશભાઇ દેવજીભાઇ સોલંકી (ઉ.વ.૫૩) (રહે. ઉદયપાર્ક વિભાગ-૧ નેશનલ હેન્ડલુમ પાછળ) એ બિમારીથી કંટાળી તા.૧૫/૦૮/૨૦૨૦ સાજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

**નારોલઃ** સુનીલભાઇ આલ્ફ્રેડભાઇ ક્રિશ્ચિયન (ઉ.વ.૪૮) (રહે. આકૃતિ આંગન ફ્લેટ, સનરાઇઝ હોટલ પાછળ નારોલ-અસલાલી રોડ નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૮/૨૦૨૦ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આણંદભા અણદુભા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી